# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

e-mail: taxtodayuna@gmail.com
e-mail: editor@taxtoday.co.in
www.taxtoday.co.in

પ્રતિશ્રી,

Tax Today (Monthly)

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

◆ વર્ષઃ ૯ ◆ અંકઃ ૧૧ ◆ સળંગ અંકઃ ૧૦૬ ◆ તા.૨૦/૦૯/૨૦૨૫, શનિવાર ◆ પાના-૪ ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦ ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)

◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦

◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

# જુનાગઢ ખાતે જી.એસ.ટી. અને ઈન્કમ ટેક્સના વિષયો ઉપર થયું સેમીનારનું આયોજન

## ધ ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસિએશન તથા ટેક્સેશન એડવાઈઝર્સ એસોસિએશન જુનાગઢના સંયુક્ત ઉપક્રમે થયું આયોજન










તા. ૦૭.૦૯.૨૦૨૫ જુનાગઢ ખાતે ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ ધ ગુજરાત સ્ટેટ ટેક્સ બારે એસોસીએશનના જ્ઞાનોદય પાઠશાળા કાર્યેક્રમ હેઠળ ટેક્સેશન એડવાઈઝર્સ એસોસિએશન જુનાગઢના સંયુક્ત ઉપક્રમે જી.એસ.ટી. તથા ઇન્કમ ટેક્સના વિષયો ઉપર એક દિવસીય સેમીનારનું આયોજન અમોરે હોટેલ એન્ક બેનકવેટ ખાતે કરવામાં આવ્યું હતું. આ સેમીનારના મુખ્આય મહેમાન તરીકે જુનાગઢ સેન્ટ્રલ જી.એસ.ટી.ના અસી. કમિશ્નર શૈલેશભાઈ વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઓલ ઇન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટીશનર્સના નેશનલ પ્રેસીડન્ટ સમીરભાઈ જાની આ સેમીનારમાં વીશેષ અતિથી તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ટેક્સેશન એડવાઈઝર્સ એસોસિએશન જુનાગઢના પ્રમુખ એચ આર પટેલ પણ આ તકે ખાસ હાજર રહ્યા હતા. સેમીનારમાં વકતા તરીકે અમદાવાદના CA પથિકભાઈ શાહ દ્વારા જી.એસ.ટી. રીટર્નસ બાબતે માર્ગદર્શન આપ્યું હતું. જામનગરના CA ભરતભાઈ ઓઝા દ્વારા ઇન્કમ ટેક્સ રીટર્ન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જી.એસ.ટી. હેઠળ પેનલ્ટીના નિયમો ઉપર અમદાવાદના એડવોકેટ સમીરભાઈ સિદ્ધપુરિયા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. છેલ્લા શેશનમાં ઇન્કમ ટેક્સના વિવિધ પ્રશ્નો ઉપર અમદાવાદના CA હર્ષભાઈ જાની દ્વારા અને જી.એસ.ટી.ના વિવિધ પ્રશ્નો ઉપર પોરબંદરના CA દિવ્યેશભાઈ સોઢા દ્વારા 'બ્રેઈન ટ્રસ્ટ' હેઠળ પોતાના મંતવ્યો આપવામાં આવ્યા હતા. સેમીનારમાં અમદાવાદથી ધ ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસીએશનના પ્રમુખ નરેન્દ્રભાઈ કરકર, સેક્રેટરી પંકજભાઈ શાહ, વાઈસ પ્રેસીડન્ટ લલીતભાઈ ગણાત્રા, પૂર્વ પ્રમુખ દેવકરણભાઈ વઘાસીયા ઉપરાંત કમિટી મેમ્બર્સ ખાસ હાજર રહ્યા હતા. જ્ઞાનોદય પાઠશાળા કન્વેનર નીતિનભાઈ ઠક્કર તથા ભવ્ય પોપટ દ્વારા આ સેમીનારનું કોર્ડીનેશન કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સ ચેરમેન તરીકે જુનાગઢના હેમાંગભાઈ શાહ તથા જયેન્દ્રભાઈ તન્ના દ્વારા આ આયોજન સફળ બનાવવા પ્રયાસ કરવામાં આવ્યા હતા. ટેક્સેશન એડવાઈઝર્સ એસોસિએશન જુનાગઢના સેક્રેટરી રજનીકાંતભાઈ કાલરીયા, રાજેન્દ્રભાઈ ઉદાણી, પ્રતિકભાઈ મિશ્રાણી, દર્શનભાઈ તન્ના, મનોજભાઈ દુધાત્રા દ્વારા આ આયોજનમાં વીશેષ જહેમત ઉઠાવવામાં આવી હતી. સેમીનારમાં માસ્ટર ઓફ સેરેમની તરીકે જીગ્નેશભાઈ વ્યાસએ સેવા આપી હતી. આ સેમીનારમાં જુનાગઢ, અમદાવાદ ઉપરાંત મહેસાણા, સુરેન્દ્રનગર, વેરાવળ, જેતપુર, જામનગર, રાજકોટ, ઉના, દીવથી મળી ૧૧૦થી વધુ ડેલીગેટ્સ સહભાગી બન્યા હતા.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

# GST રિટર્નમાં માનવ ભૂલ સુધારવા ગુજરાત હાઈકોર્ટનો મોટો નિર્ણય

અમદાવાદ, ૨૫ ઑગસ્ટ ગુજરાત હાઈકોર્ટએ એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા જણાવ્યું હતું કે GST રિટર્નમાં થયેલી ક્લેરિકલ ભૂલ માટે વેપારીઓને અયોગ્ય રીતે દંડિત કરી શકાશે નહીં. સંઘવી મેટલ કોર્પોરેશન વિ. યુનિયન ઑફ ઇન્ડિયા કેસમાં કોર્ટે વેપારીને સુધારાનો હક આપતા સ્પષ્ટ કર્યું કે, જ્યાં સરકારને આવકનું કોઈ નુકસાન નથી, ત્યાં ભૂલ સુધારવાની છૂટ આપવી ફરજિયાત છે.

### કેસની હકીકતો

- સંઘવી મેટલ કોર્પોરેશન, લોહા-સ્ટીલના વેપારમાં સંકળાયેલી એક પ્રોપ્રાયટરી ફર્મ છે.
- વર્ષ ૨૦૧૭-૧૮માં કંપનીએ GSTR-1માં ભૂલથી પોતાની સિસટર કન્સર્નના ટર્નઓવરને જી.એસ.ટી. પોર્ટલ પર અપલોડ કરી આપેલ હતો.
- પરિણામે GSTR-1 અને GSTR-3B વચ્ચે તફાવતના જોવા મળ્યો હતો અને ટેક્સ વિભાગે રૂા. ૪૦ લાખથી વધુનો ડિમાન્ડ નોટિસ જારી કરી હતી.



- કરદાતાએ આકારની દરમ્યાન દલીલ કરી કે આ માત્ર clerical mistake છે, પરંતુ આકારણી અધિકારી તથા પ્રથમ અપીલ ઓથોરિટીએ તેમની વાત માન્ય રાખી નહોતી.

### હાઈકોર્ટનો અભિપ્રાય

ન્યાયમૂર્તિ ભર્ગવ કારીયા અને ન્યાયમૂર્તિ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ થયેલી સુનાવણી દરમિયાન અલગ અલગ હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનો સંદર્ભ લેવાયો.

### કોર્ટએ જણાવ્યું

- ''માનવ ભૂલો સ્વાભાવિક છે.''
- ''સોફટવેરની મર્યાદા ભૂલ સુધારવામાં અવરોધ બની શકે નહીં.''
- ''સાચી ટેક્સ વસૂલાત જ કાયદાનો હેતુ છે, અયોગ્ય દંડ નહીં.''

### કોર્ટનો ચુકાદો

કોર્ટે સ્પષ્ટ આદેશ આપ્યો કે -

૧. સંઘવી મેટલ કોર્પોરેશનને GSTR-1 સુધારવાની છૂટ આપવામાં આવે.

**(અનુસંધાન ૩જા પાને...)**

# જી.એસ.ટી. ૨.૦ હેઠળ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫થી લાગુ થઈ રહ્યા છે મોટા ફેરફાર!!

## જી.એસ.ટી.ના ફેરફારો અંગે વેપાર જગતમાં અનેક પ્રશ્નો છે. આ પૈકી ઘણા જવાબ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ FAQમાંથી મળી શકે છે

તા. ૨૨.૦૯.૨૦૨૫

બહુ ચર્ચિત જી.એસ.ટી. ૨.૦ ૨૨.૦૯.૨૦૨૫થી લાગુ થઇ રહ્યા છે. આ ફેરફારોમાં બહુ મોટા પ્રમાણમાં માલ અને સેવાના દરોમાં ઘટાડો કરવામાં આવેલ છે. આ ફેરફારોના કારણે વેપાર જગત પર મોટી અસર થઇ શકે છે. વેપારી આલમમાં અને ગ્રાહકોમાં પણ અનેક પ્રશ્નો હાલ મુંજવણ ઉભી કરી રહ્યા છે. આ અંગે જી.એસ.ટી.નું નિયમન કરતી સર્વોચ્ચ સંસ્થા સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડીરેક્ટ ટેક્સીસ દ્વારા વારંવાર પૂછવામાં આવતા પ્રશ્નોના જવાબો બહાર પાડવામાં આવ્યા છે. આ પ્રશ્ન જવાબ આજના લેખમાં વેપાર જગત તથા ગ્રાહકો માટે પ્રકાશિત કરી સમજણ આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

**૧. GST દરોમાં કરાયેલા ફેરફારો ક્યારેથી અમલમાં આવશે?**

જવાબઃ ૫૬મી બેઠકમાં કાઉન્સિલે ભલામણ કરી મુજબ, સિગારેટ, ઝરડા, અનપ્રોસેસ્ડ તમાકુ અને બીડી સિવાયની બધી જ માલ અને સેવાઓ પર નવા GST દર ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫થી લાગુ થશે.

જ્યારે ઉપરોક્ત તમાકુ ઉત્પાદનો પર વર્તમાન GST અને કમ્પન્સેશન સેસ દરો યથાવત રહેશે અને નવા દરો પછીથી અમલમાં આવશે, જ્યારે કમ્પન્સેશન સેસનો લોન અને વ્યાજ પૂર્ણત ચુકવાઈ જશે.

**૨. જો મેં માલ/સેવા સપ્લાય ૨૨ સપ્ટેમ્બર પહેલાં કરી દીધી છે પરંતુ બિલ પછી બનાવ્યું હોય તો કયો દર લાગુ થશે?**

જવાબઃ CGST અધિનિયમ, ૨૦૧૭ની કલમ 14(a)(i) મુજબ -

- જો પેમેન્ટ દર બદલાયા પછી મળે, તો સપ્લાયની તારીખ પેમેન્ટ મળ્યાની તારીખ કે બિલ નીકળ્યાની તારીખ - જે વહેલી હોય તે માનવામાં આવશે.
- જો પેમેન્ટ દર બદલાયા પહેલાં મળી ગયું હોય, તો સપ્લાયની તારીખ પેમેન્ટ મળ્યાની તારીખ ગણાશે.

**૩. જો મેં નવા દરો લાગુ થવાનાં પહેલાં ખરીદી કરી હોય તો ITC પર શું અસર પડશે? શું હવે ઘટેલા દરે ITC મળશે?**

જવાબઃ CGST અધિનિયમની કલમ ૧૬(૧) મુજબ, નોંધાયેલ વ્યક્તિ પોતાના inward supplies પર ચુકવેલા ટેક્સનો ITC લઈ શકે છે. અટલે, જો ખરીદી સમયે લાગુ પડતા દર મુજબ ટેક્સ વસૂલાયો છે તો તેનો ITC મળવાનો અધિકાર રહેશે.

**૪. જો મારા outward supplies પર GST દર ઘટ્યો છે (૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ પછી) પણ મારા પાસેથી વધારે દરે ITC છે, તો શું હું તેનો ઉપયોગ કરી શકું?**

જવાબઃ હા. એકવાર જે ITC નિયમ મુજબ e-credit લેજરમાં છે તે કોઈપણ આઉટપુટ ટેક્સ લાયબિલિટી સામે વાપરી શકાય છે. જો કે આ વપરાશ CGST અધિનિયમની કલમ ૪૯(૪) મુજબ વાપરી શકાશે.

**૫. જો મારી outward supply નવા શેડ્યૂલ મુજબ મુક્ત (Exempt) થઈ ગઈ છે અને મારા પાસે અગાઉથી ITC છે, તો શું મને ITC રિવર્સ કરવું પડશે?**

જવાબઃ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીના સપ્લાય માટે ITC વાપરી શકાય છે. પરંતુ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫થી આગળના સપ્લાય માટે ITC રિવર્સ કરવું પડશે.

**૬. જ્યારે નવા દરો અમલમાં આવે ત્યારે મારા સ્ટોક પર કયો દર લાગશે?**

જવાબઃ GST હંમેશા સપ્લાય પર વસૂલાય છે. એટલે કે, નવા દર અમલમાં આવ્યા પછી વેચાયેલા માલ પર નવા દર લાગશે.

**૭. ભારતીય બ્રેડના ચોક્કસ પ્રકારો પર જ GST દરમાં ફેરફાર કેમ થયો છે?**

જવાબઃ સામાન્ય બ્રેડ પહેલેથી જ મુક્ત હતી, જ્યારે પિઝા બ્રેડ, રોટી, પરોઠા વગેરે પર જુદા જુદા દર લાગતા હતા. હવે સ્પષ્ટતા માટે તમામ પ્રકારની ભારતીય બ્રેડને મુક્ત કરવામાં આવી છે, ભલે તે કોઈ પણ નામે ઓળખાતી હોય.

**૮. બધા કૃષિ મશીનો/ઉપકરણો પર GST દર ઘટાડવામાં આવ્યો છે?**

જવાબઃ હા. જેમ કે સ્પ્રિંકલર્સ, ડ્રિપ સિંચાઈ સિસ્ટમ, ખેતરની તૈયારી, કાપણી, થ્રેશિંગ, ઘાસ કાપવાના મશીનો, પૉલ્ટ્રી અને બી-કીપિંગ મશીનો વગેરે પર પહેલાનો ૧૨% GST ઘટાડીને હવે ૫% કરવામાં આવ્યો છે.

**૯. કૃષિ મશીનોને સંપૂર્ણ મુક્ત કેમ નથી કરવામાં આવ્યા?**

જવાબઃ હેતુ ખેડુતોને રાહત આપવાનો છે, પણ સાથે સાથે સ્થાનિક ઉત્પાદનકારો પર અસર ન થાય તે પણ જરૂરી છે. જો સંપૂર્ણ મુક્તિ અપાશે તો ઉત્પાદકોને ITC નહીં મળે અને ઉત્પાદન ખર્ચ વધી જશે. તે વધારેલો ખર્ચ ખેડૂત સુધી ઊંચા ભાવે પહોંચી શકે છે, જે વિરોધાભાસી અસર લાવશે.

**૧૦. દવાઓ પર કેટલો GST દર છે?**

જવાબઃ તમામ દવાઓ/ડ્રગ્સ પર ૫% કન્સેશનલ GST દર છે, સિવાય જે પર સ્પષ્ટ રીતે NIL દર નક્કી કરવામાં આવ્યો હોય.

**૧૧. બધી દવાઓને સંપૂર્ણ મુક્ત કેમ નથી કરવામાં આવી?**

જવાબઃ જો દવાઓ સંપૂર્ણ મુક્ત કરવામાં આવશે તો ઉત્પાદકોને ITC નહીં મળે અને ઉત્પાદન ખર્ચ વધશે. તેનો બોજો અંતે દર્દીઓને વધારે ભાવમાં સહન કરવો પડશે. તેથી ૫% દર જાળવવામાં આવ્યો છે.

**૧૨. પેટ્રોલ, LPG, CNG અથવા ડીઝલના નાના કાર પર નવો GST દર કેટલો છે? નાના કાર કઈ ગણાશે?**

જવાબઃ નાના કાર પર દર ૨૮% થી ઘટાડીને હવે ૧૮% કર્યો છે.

- GST માટે ‘નાના કાર’નો અર્થ
- પેટ્રોલ/LPG/CNG કાર-એન્જિન ક્ષમતા ૧૨૦૦ ભભ સુધી અને લંબાઈ ૪૦૦૦ ળળ સુધી.
- ડીઝલ કાર-એન્જિન ક્ષમતા ૧૫૦૦ ભભ સુધી અને લંબાઈ ૪૦૦૦ ળળ સુધી.

**૧૩. ત્રણ-ચકરાં વાહનો (3-Wheelers) પર નવો દર કેટલો છે?**

જવાબઃ ત્રણ-ચકરાં વાહનો (HSN ૮૭૦૩ હેઠળ) પર દર ૨૮% થી ઘટાડીને હવે ૧૮% કર્યો છે.

**૧૪. બસો અને ૧૦ કે તેથી વધુ વ્યક્તિઓ (ડ્રાઈવર સહિત) લઈ જવા માટેના વાહનો પર કેટલો દર લાગશે?**

જવાબઃ આવા વાહનો (HSN ૮૭૦૨ હેઠળ) પર દર ૨૮% થી ઘટાડીને હવે ૧૮% કર્યો છે.

**૧૫. એંબ્યુલન્સ તરીકે ક્લિયર કરાયેલા વાહનો પર GST દર કેટલો છે?**

જવાબઃ જરૂરી સાધનો સાથે ફેક્ટરીમાંથી ક્લિયર કરાયેલા એંબ્યુલન્સ પર દર ૨૮% થી ઘટાડીને હવે ૧૮% કર્યો છે.

**૧૬. મોટરસાયકલ પર કેટલો GST દર લાગશે?**

જવાબઃ ૩૫૦ cc સુધીની મોટરસાયકલ પર ૧૮% GST. ૩૫૦ ccથી વધુ ક્ષમતાવાળી મોટરસાયકલ પર ૪૦% GST લાગુ થશે.

**૧૭. સાયકલ અને તેના પાર્ટ્સ પર GST દર ઘટાડવામાં આવ્યો છે?**

જવાબઃ હા. સાયકલ અને તેના પાર્ટ્સ પર દર ૧૨% થી ઘટાડીને હવે ૫% કરવામાં આવ્યો છે.

**૧૮. ૪૦% દરને વિશેષ દર કેમ કહેવામાં આવે છે?**

જવાબઃ કારણ કે આ દર થોડી જ પસંદગીની વસ્તુઓ પર લાગુ પડે છે, ખાસ કરીને પાપી વસ્તુઓ (sin goods) અને કેટલીક લક્ઝરી વસ્તુઓ પર જ લાગુ પડે છે.

પહેલેથી જ આ વસ્તુઓ પર GST ઉપરાંત કમ્પન્સેશન સેસ લાગતો હતો. હવે કમ્પન્સેશન સેસ સમાપ્ત કરાયો છે એટલે તેને GST સાથે જોડીને વિશેષ ૪૦% દર લાગુ કર્યો છે.




**૧૯. કપાસ (Raw Cotton) પર GST કેમ દૂર કરવામાં આવ્યો નથી?**

જવાબઃ કપાસ પર હાલમાં Reverse Charge Mechanism હેઠળ GST વસૂલાય છે. એટલે કે ખેડૂતને ટેક્સ નથી ભરવો પડતો, પરંતુ ટેક્સટાઇલ ઉદ્યોગને ITC રૂપે ફાયદો મળે છે.

આથી ઈનપુટ ક્રેડિટ ચેઇન તૂટતી નથી અને અંતે ગ્રાહકોને ફાયદો થાય છે.

**૨૦. માર્બલ, ટ્રેવર્ટાઇન અને ગ્રેનાઇટ બ્લૉક્સ પર GST દર કેમ ઘટાડવામાં આવ્યો છે?**

જવાબઃ કારણ કે આ ઈન્ટરમીડિયેટ માલ છે. અગાઉ ૧૨% દર લાગતો હતો, જેને હવે ઘટાડી ૫% કરવામાં આવ્યો છે.

**૨૧. બેટરી (HSN ૮૫૦૭) પર GST દર કેટલો છે?**

જવાબઃ અગાઉ લિથિયમ-આયન બેટરી પર ૧૮% અને અન્ય બેટરી પર ૨૮% લાગતો હતો. હવે તમામ પ્રકારની બેટરી પર એકસરખો ૧૮% GST લાગશે.

**૨૨. GTA (Goods Transport Agency) દ્વારા માલ પરિવહન પર GST દર કેટલો છે?**

જવાબઃ GTA સેવાઓ પર દર ૫% (ITC વિના) લાગશે.

પરંતુ GTA પાસે વિકલ્પ છે કે તે ૧૮% (પૂર્ણ ITC સાથે) દર વસૂલી શકે.

**૨૩. શું ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ પહેલાં સપ્લાય ચેઇનમાં રહેલી દવાઓનું MRP પાછું બોલાવીને ફરીથી લેબલ કરવું ફરજિયાત છે? પુનઃ લેબલિંગ કેવી રીતે અમલમાં આવશે?**

જવાબઃ નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) દ્વારા ૧૨.૯.૨૦૨૫ અને ૧૩.૯.૨૦૨૫ ના ઓફિસ મેમોરેન્ડમ મુજબ નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવી છે

- તમામ ઉત્પાદકો/માર્કેટિંગ કંપનીઓ દવાઓ/ફોર્મ્યુલેશન્સ (મેડિકલ ઉપકરણો સહિત)નું મહત્તમ ચોખ્ખું ભાવ (MRP) સુધારશે.
- ઉત્પાદકો/માર્કેટિંગ કંપનીઓ સુધારેલી કિંમત યાદી અથવા પરિશિષ્ટ કિંમત યાદી (ફોર્મ V/VI) ડીલરો અને રિટેલરોને જાહેર કરશે જેથી તે ગ્રાહકોને દેખાય, અને રાજ્યના ડ્રગ કન્ટ્રોલરો તથા સરકારને મોકલશે, જેમાં સુધારેલ GST દરો અને સુધારેલ MRP દર્શાવાશે.
- ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ પહેલાં બજારમાં મુકાયેલા સ્ટોકના પેક/કન્ટેનર પર લેબલ પાછું ખેંચવું, ફરીથી લેબલ કરવું અથવા સ્ટીકર બદલવું ફરજિયાત નથી, જો ઉત્પાદકો/માર્કેટિંગ કંપનીઓ રિટેલર સ્તરે ભાવનું પાલન સુનિશ્ચિત કરી શકે.

**૨૪. વ્યક્તિગત આરોગ્ય અને જીવન વીમા પર આપવામાં આવેલી છૂટ હેઠળ કઈ સેવાઓ આવરી લેવાય છે?**

જવાબઃ વીમાકંપનીઓ દ્વારા વ્યક્તિગત આરોગ્ય અને જીવન વીમા સેવાઓ, જ્યાં પૉલિસી ધારક જૂથ નથી (વ્યક્તિ કે તેના પરિવાર માટે છે), તે છૂટ હેઠળ આવરી લેવામાં આવેલ છે.

**૨૫. રૂ. ૭૫૦૦/- પ્રતિ દિવસ અથવા તેથી ઓછી કિંમતની હોટેલ રૂમ સેવા પર ૧૮% સાથે ITCનો વિકલ્પ છે?**

જવાબઃ નહીં. આવી રૂમ સેવા માટે ફરજિયાત ૫% GST (ITC વિના) વસૂલવું પડશે. ૧૮% સાથે ITCનો વિકલ્પ ઉપલબ્ધ નથી.

**૨૬. રૂ. ૭૫૦૦/- પ્રતિ દિવસ અથવા તેથી ઓછી કિંમતની રૂમ સેવા આપતી હોટેલો ITC લઈ શકશે?**

જવાબઃ નહીં. આવા રૂમ પર ITC ઉપલબ્ધ નથી કારણ કે દર ૫% (ITC વિના) નક્કી કરાયો છે.

સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ FAQ પૈકી વાંચકો માટે સૌથી વધુ લાગુ પડતા સવાલો વાંચકો માટે રજુ કરવામાં આવ્યા છે. જી.એસ.ટી. ૨.૦ થી કરવામાં આવેલ સુધારાઓ બાબતે વેપાર જગત અને ગ્રાહકોમાં પણ અસમંજસની સ્થિતિ પ્રવર્તી રહી છે. ખુબ મોટા પ્રમાણમાં જયારે ફેરફારો થાય ત્યારે આ પ્રમાણે પરિસ્થિતિ ઉભી થાય તે સ્વાભાવિક પણ છે. પણ તમામ ફેરફારોમાં સરકાર દ્વારા ઘણી તૈયારીઓ કરવામાં આવેલ છે તેવું હું વ્યક્તિગત રીતે માનું છુ. આમ, ટૂંક સમયમાં પરિસ્થિતિ થાળે પડી જશે તેવું હું માનું છુ.

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.

# "Incom Tax Act, 2025"–કાયદામાં સરળતા લાવવાનો મુખ્ય હેતુ!!

# નવો ઈન્કમ ટેક્સ કાયદાઓ એ Old Wine in a New Bottle સાબિત થશે કે સરળતા એ કાયદાને સાર્થક બનાવશે?

**જુના ઈન્કમ ટેક્સ કાયદામાં રહેલ જોગવાઈઓને મહદ્દઅંશે જાળવી રાખવામાં આવેલ છે. કાયદો વાંચન અને અર્થઘટનમાં સરળ બને તે માટે અમુક બિનઉપયોગી જોગવાઈઓ હટાવી, વિવિધ કલમોને વ્યવસ્થિત કરી કાયદાની રચના કરવામાં આવેલ છે**




ભારતમાં Income Tax Act, 1961 કાયદો હાલ લાગુ છે. આ કાયદો છેલ્લા છ દાયકા જેવા સમયથી અમલી હતો. છ દાયકા જુના આ કાયદામાં સતત ફેરફારો કરી નવી કલમો, નિયમો ઉમેરવામાં આવેલ હતા. વિવિધ પરંતુક ઉમેરી આ કાયદામાં છ દાયકામાં અનેક ફેરફારો કરવામાં આવ્યા હતા. કોર્ટના વિવિધ આદેશ પ્રમાણે તો ક્યારેક બજેટમાં જરૂરી ફેરફાર કરવાના કારણે આ કાયદામાં વારંવાર અને નિરંતર ફેરફારો કરવામાં આવ્યા હતા. છેલ્લા છ દાયકાથી થયેલ આ કાયદાકીય સુધારાઓને કારણે ઈન્કમ ટેક્સ એક્ટ વાંચનમાં તથા અર્થઘટન કરવામાં ખુબ જટિલ બની ગયો હતો. છેલ્લા ઘણા વર્ષોથી ઈન્કમ ટેક્સ કાયદાને ફરી ઘડવામાં આવે તેવી માંગ પણ ઉઠી રહી હતી. હવે ૨૦૨૫ માં અંતે આ માંગ સ્વીકારી કેન્દ્ર સરકાર દ્વારા ઈન્કમ ટેક્સ એક્ટ ૧૯૬૧ ના સ્થાને ઈન્કમ ટેક્સ એક્ટ ૨૦૨૫ લાગુ કરવામાં આવ્યો છે. નવા ભારતની જરૂરિયાતને અનુરૂપ બનાવવામાં આવેલ આ કાયદામાં રહેલ મહત્વની જોગવાઈને સરળ ભાષામાં સમજવા આ લેખમાં પ્રયાસ કરીશું.

### ૦૧ એપ્રિલ ૨૦૨૬ થી થશે લાગુ

ઈન્કમ ટેક્સ એક્ટ ૧૯૬૧ ના સ્થાને પસાર કરવામાં આવેલ આ કાયદો ઈન્કમ ટેક્સ એક્ટ ૨૦૨૬ એ ૦૧ એપ્રિલ ૨૦૨૬ થી સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે.

### જુના કાયદાનું પુનઃલેખન–૮૦૦ થી વધુ કલમ–પેટા કલમમાંથી માત્ર ૫૩૬ કલમ

- જૂના અધિનિયમમાં આશરે ૮૦૦+ કલમ અને ૪૭ ચેપ્ટર હતા, જ્યારે ૨૦૨૫ ના આ નવા ઈન્કમ ટેક્સ કાયદામાં ૫૩૬ કલમ, ૨૩ ચેપ્ટર અને ૧૬ શેડ્યુલો છે. આથી કાયદાની શબ્દ સંખ્યામાં લગભગ ૪૦-૫૦% કમી થઈ છે.
- સંસદમાં ઈન્કમ ટેક્સ બીલ ૨૦૨૫ પ્રથમવાર ફેબ્રુઆરી ૨૦૨૫માં રજૂ કરવામાં આવ્યું હતું. આ કાયદા બાબતે લોકો પાસેથી અનેક સૂચનો આવ્યા હતા. આ અંગે પુખ્ત વિચારણા પછી અને સિલેક્ટ કમિટીનો રિપોર્ટ આવ્યા પછી, ઈન્કમ ટેક્સ બીલના જૂના ડ્રાફ્ટને પાછો લઈ સંસદના ચોમાસું સત્રમાં ફરી નવો ડ્રાફ્ટ રજુ કરવામાં આવ્યો હતો. આ સુધારેલા ડ્રાફ્ટને ચર્ચાના અંતે અમુક સુધારા સાથે ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ અધિનિયમ તરીકે સ્વીકારવામાં આવ્યો છે.

### હવે 'ટેક્સ ઈયર'; 'પ્રિવિયસ' અને 'અસેસમેન્ટ ઈયર'નો અંત

જૂની પદ્ધતિમાં "Previous Year" અને "Assessment Year" જેવા જુદા શબ્દ દ્વારા ઈન્કમ ટેક્સનો સમયગાળો નક્કી કરવામાં આવતો હતો. આ શબ્દોના કારણે અનેક વાર કરદાતાઓથી ભૂલ થવાની સંભાવના રહેતી હતી. હવે ''પ્રીવ્યસ ઈયર'' અને ''એસેસમેન્ટ ઈયર''ની ગૂંચવડની જગ્યાએ ''ટેક્સ ઈયર''ની સરળતા કરદાતા માટે ઉપયોગી બનશે. આ સરળતાના કારણે ઈન્કમ ટેક્સની વિવિધ વિધિઓ, રીટર્ન, પ્રોસેસિંગ વગેરે સરળ બનશે.

### મદ્યમ વર્ગને મોટી રાહત

નવા ઈન્કમ ટેક્સ કાયદામાં પણ રૂા. ૧૨ લાખ સુધીની આવકને સંપૂર્ણ રીતે કર-મુક્ત રાખવામાં આવેલ છે. Standard deduction રૂા. ૭૫,૦૦૦ની મર્યાદાઓ પણ પગારદાર માટે અને પેન્શનાર્થીઓને માટે જાળવી રાખવામાં આવેલ છે. કલમ Section 87A હેઠળના રીબેટ કઈ આવક બાબતે મળે અને કઈ આવક બાબતે નાં મળે તે શરતો જુના કાયદાની જેમ આ કાયદામાં પણ ચાલુ રાખવામાં આવેલ છે.

### ફેસલેસ કાર્યવાહીઓ, ડિજિટલ પ્રકીર્યાઓ અને વિધિઓને મહત્વ

છેલ્લા ઘણા સમયથી ઈન્કમ ટેક્સ કાયદામાં મોટાભાગની પ્રક્રિયાઓ ફેસલેસ ધોરણે કરવામાં આવી રહી છે. ઈન્કમ ટેક્સ એક્ટ ૨૦૨૫માં સરકારનો આ અભિગમ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવેલ છે અને મોટાભાગની વિધિઓ ડીજીટલ અને કાર્યવાહીઓ ફેસલેસ રાખવામાં આવેલ છે. કાયદા હેઠળની પ્રક્રિયાઓ ફેસલેસ કરવા અંગે સરકારનો હેતુ કરદાતાઓને ઈન્કમ ટેક્સ ઓફિસો સુધી ખાવાના થતા ધક્કા ઓછા કરવા અને વિવિધ કાર્યવાહીમાં થતા ભ્રષ્ટાચાર દુર કરવાનો ગણી શકાય.

### ઈન્કમ ટેક્સ હેઠળ નવા દરોને બનાવવામાં આવ્યા છે ડીફોલ્ટ છતાં જુના દરોની સ્કીમનો વિકલ્પ પણ રાખવામાં આવ્યો છે શરૂ

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ છેલ્લા ઘણા સમયથી કરદાતાઓને નવા ટેક્સ રેઈટ અને જુના ટેક્સ રેઈટ એમ બે વિકલ્પ આપવામાં આવે છે. કરદાતા નવા ટેક્સ રેઈટ સ્વીકારે તો તેમાં મહદ્દઅંશે કોઈ કપાત-કરમુક્તિઓ બાદ મળતી હોતી નથી પરંતુ આ વિકલ્પ સ્વીકારવામાં ટેક્સના દરો રાહતકારક હોય છે.

જયારે જુના ટેક્સ રેઈટ સ્વીકારવામાં આવે તો કરદાતાને પોતાના રોકાણ અંગે કરકપાતો તથા કરમુક્તિઓ મળતી હોય છે. પરંતુ આ જુના ટેક્સ રેઈટમાં વેરાના દરો થોડા ઉચા હોય છે. આ પ્રકારની પદ્ધતિ છેલ્લા ઘણા વર્ષોથી લાગુ છે. નવા ઈન્કમ ટેક્સ કાયદામાં પણ આ બન્ને વિકલ્પ ચાલુ રાખવામાં આવ્યા છે.

### TDSની જોગવાઈઓનું સરળીકરણ

હાલ, ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ TDSની જોગવાઈઓ માટે ઘણી અલગ અલગ કલમ-જોગવાઈઓ લાગુ છે. નવા ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ માત્ર એક જ કલમ (કલમ ૩૯૩) હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે. આમ, TDSને લગતી જોગવાઈઓના અનુપાલનમાં કરદાતાઓને સરળતા રહેશે તેવું નિષ્ણાંતો માની રહ્યા છે.

### ડિજિટલ એસેટ્સ વર્તમાન અને ભવિષ્યને ઘ્યાને રાખી કરવામાં આવી છે જોગવાઈ

- નવા કાયદા હેઠળ હવે "Undisclosed income"માં ફક્ત રોકડ, સોનાં કે જ્વેલરી જ નહિ- હવે Virtual Digital Assets (જેમ કે cryptocurrency, NFT)નો પણ સમાવેશ કરવામાં આવેલ છે.
- નવા કાયદામાં અધિકારીને ઈ-સમાચાર, સોશિયલ મિડિયા વિશે પણ પુછપરછ કરવાની સત્તા આપવામાં આવી છે. જુના કાયદામાં આ બાબતે સ્પષ્ટ સત્તા આપવામાં આવેલ ના હતી.

### સ્પષ્ટ ભાષા–કાયદાની ભાષામાં સરળતા

ઈન્કમ ટેક્સ કાયદા ૨૦૨૫ લાગુ કરવાનો મુખ્ય હેતુ કાયદાની ભાષામાં સરળતા અને જોગવાઈઓમાં સુમેળ લાવવાનો ગણી શકાય. જુના કાયદામાં રહેલ ટેકનીકલ ભાષાના સ્થાને કાયદાની ભાષા સરળ બનાવવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

### નવો ઈન્કમ ટેક્સ કાયદો Old Wine in a New Bottle??

છ દાયકા જુના ઈન્કમ ટેક્સ કાયદાના સ્થાને નવો કાયદો લાગુ કરવાના આ પ્રયાસને ઘણા ટેક્સ નિષ્ણાંતો Old Wine in a New Bottle જ ગણી રહ્યા છે. આ ગણવાનું કારણ એ છે કે આ નવા ઈન્કમ ટેક્સ કાયદામાં કોઈ ખાસ ફેરફાર કરવામાં આવ્યો નથી.

જૂની-પુરાની કલમો કે જે ખાસ ઉપયોગમાં નહતી તેને હટાવવામાં આવી છે. અમુક જોગવાઈ વધુ તર્ક સંગત રીતે કાયદામાં લખવામાં આવી છે. કાયદાની જટિલ શબ્દોના સ્થાને સરળ શબ્દો ઉપયોગ કરવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

નવા ઈન્કમ ટેક્સ કાયદામાં કલમોની સીરીઝ ચોક્કસ બદલાઈ ગઈ છે પરંતુ આ કાયદામાં કોઈ ખાસ નીતિવિષયક ફેરફારો કરવામાં આવેલ નથી. જો કે અનેક એવા ટેક્સ નિષ્ણાંતો છે જેઓ માને છે કે આ કાયદામાં મૂળભૂત ફેરફારો કરવાના સ્થાને સરળતા લાવવા જે તાર્કિક ફેરફારો કરવામાં આવ્યા છે તે યોગ્ય છે. જો ઈન્કમ ટેક્સ કાયદામાં મૂળભૂત ફેરફારો કરવામાં આવ્યા હોત તો કાયદાના અર્થઘટનમાં ઉપયોગી એવા અનેક જુના કોર્ટના મહત્વના ચુકાદોની અસર સંપૂર્ણ પણે નાબુદ થઇ જાત. હાલ લાવવામાં આવેલ ઈન્કમ ટેક્સ કાયદામાં અગાઉના મહત્વના કોર્ટના ચુકાદો ફાયદારૂપ થશે તેવું ઘણા નિષ્ણાંતો માની રહ્યા છે.

## ગુજરાત હાઈકોર્ટનો મોટો નિર્ણય

(અનુસંધાન પાના ૧થી શરૂ...)

૨. સુધારો ઑનલાઇન કે મેન્યુઅલ રીતે કરી શકાય.
૩. અગાઉની અપીલ ઓથોરિટીના ઓર્ડરને રદ કરવામાં આવે.

**વ્યાપક અસર**

- **વ્યવસાયીઓને રાહતઃ** હવે નાની-મોટી ક્લેરિકલ ભૂલ માટે વેપારીઓને ભારે દંડનો સામનો ન કરવો પડે.
- **ટેક્સ વિભાગ માટે માર્ગદર્શકઃ** માનવ ભૂલો અને ઈરાદાપૂર્વકની ગેરરીતિ વચ્ચે તફાવત કરવાનો સંદેશ.
- **GST વ્યવસ્થા માટે સંતુલનઃ** કાયદાનો હેતુ સાચી આવક વસૂલાત છે, ન કે વેપારીઓને ત્રાસ આપવો.

**નિષ્કર્ષ**

સંઘવી મેટલ કોર્પોરેશન કેસમાં ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો વ્યવસાયિક સમાજ માટે મહત્વપૂર્ણ રાહતસમાન ગણી શકાય. શરૂઆતના વર્ષોમાં GST પદ્ધતિમાં અનેક વેપારીઓ અજાણતા ભૂલો કરતા હતા, જેને કારણે મોટી દંડસજા થતી.

હાઈકોર્ટના આ નિર્ણયથી હવે સ્પષ્ટ થઈ ગયું છે કે -

''માનવ ભૂલને ગુનો ગણાવી શકાય નહીં અને વેપારીઓને સુધારાનો અધિકાર મળવો જ જોઈએ.''




# G.S.T. 2.0 માત્ર G.S.T.ના દરમાં કરવામાં આવ્યો ઘટાડો, રિફોર્મ્સ બાબતે નિરાશા!!

તા. ૦૮.૦૯.૨૦૨૫ જી.એસ.ટી. ૨.૦ બાબતે પ્રધાનમંત્રી મોદી સાહેબે જયારે સ્વતંત્રતા દિવસ ઉપર જાહેરાત કરી ત્યારે મારા જેવા અનેક મિત્રો જેઓ જી.એસ.ટી. કાયદામાં પ્રેક્ટીસ કરે છે તેઓના મનમાં ખુશીની લહેર અને ખાસ તો આશાની કિરણ જાગી ગઈ હતી. ૦૧.૦૭.૨૦૨૭ ના રોજ ઉતાવળે લાગુ કરવામાં આવેલ જી.એસ.ટી. ને ખરેખર મોટાપાયે રિફોર્મ્સની જરૂર છે તેવું સૌકોઈ માની રહ્યા હતા. પ્રધાનમંત્રીની આ જાહેરાતના કારણે જી.એસ.ટી. કાઉન્સિલની ૫૬મી મીટીંગ ઉપર સૌકોઈ મોટી આશા લઇ ને બેઠા હતા. જી.એસ.ટી. કાઉન્સિલની આ મીટીંગ દિલ્હી ખાતે ૦૩ અને ૦૪ સપ્ટેમ્બરે યોજાનાર હતી. પરંતુ કોઈ કારણસર બે દિવસના બદલે માત્ર ૦૧ દિવસમાં મીટીંગ પૂર્ણ કરી આ અંગે પ્રેસ કોન્ફરન્સ કરી પ્રેસ રીલીઝ્ બહાર પાડી દેવામાં આવી હતી. જયારે આ પ્રેસ રીલીઝ્ જોઈ ત્યારે એક જ વિચાર આવ્યો કે જી.એસ.ટી. ના દરોમાં ઘટાડો કરવામાં આવ્યો એ ચોક્કસ આવકારદાયક ગણાય પરંતુ શું માત્ર આ દરોમાં કરવામાં આવેલ ઘટાડાને જ જી.એસ.ટી. રિફોર્મ્સ ગણી શકાય?? કરદાતાઓને પડી રહેલી તકલીફો, ઈઝ ઓફ ડુઈંગ બાબતે આ મીટીંગમાં કોઈ ખાસ નિર્ણય લેવામાં આવેલ નથી.

### જી.એસ.ટી. દરોમાં આવકારદાયક ઘટાડો

જી.એસ.ટી. કાઉન્સિલની આ ૫૬મી મીટીંગમાં મહત્વના નિર્ણય લઇ જી.એસ.ટી.ના મુખ્ય સ્લેબ જે ચાર હતા તેમાંથી બે કરી નાંખવામાં આવ્યા છે. અગાઉ ૫%, ૧૨%, ૧૮%, ૨૮% ના જે સ્લેબ હતા તેમાંથી હવે ૫% અને ૧૮% એ બે જ સ્લેબ કરી નાંખવામાં આવ્યા છે. આ સ્લેબ ઉપરાંત શૂન્ય દર, ૩% જેવા અમુક જી.એસ.ટી.ના દરો અમુક ખાસ ચીજ વસ્તુઓમાં તથા સેવામાં છે. પરંતુ મોટાભાગની ચીજવસ્તુઓ તથા સેવા આ બે દર ૫% અથવા ૧૮%માં સમાવેશ કરી લેવામાં આવ્યો છે. જી.એસ.ટી. દરોમાં મોટાપાયે થયેલ દર ઘટાડાથી વેપારીઓ અને ખાસ કરીને ગ્રાહકો ને ફાયદો થશે તેવું ચોક્કસ માની શકાય અને આ પગલાને એક આવકારદાયક પગલું જ ગણાય. પરંતુ વિવિધ સંગઠનો દ્વારા રજુ કરવામાં આવેલ ‘‘જી.એસ.ટી. રિફોર્મ્સ’’ અંગે કોઈ ખાસ નિર્ણય લેવામાં આવ્યો નથી. હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ ઉપર કરવામાં આવેલ ઘટાડો પણ ચોક્કસ આવકાર દાયક ગણી શકાય. હોટેલ રૂમ ભાડા પર પણ જી.એસ.ટી. દરમાં ઘટાડો કરી ૭૫૦૦ સુધીનાં ભાડા પર ૫% જી.એસ.ટી કરવામાં આવ્યો છે. જો કે આ ઘટાડામાં ઈનપુટ ટેક્સ ક્રેડીટ હોટેલને મળશે નહિ તેવી પણ જાહેરાત કરવામાં આવી છે. હોટેલ સાથે જોડાયેલ હોય તેવા રેસ્ટોરંટના દરોમાં ૧૮ % થી ઘટાડો કરી ૫% થવાની આશા સેવાઈ રહી હતી, જે ફળીભૂત થઇ નથી.

### જી.એસ.ટી. હેઠળ રીવાઈઝ રીટર્નની હતી જરૂરિયાત

જી.એસ.ટી. લાગુ થયાને અંદાજે ૮ વર્ષ થી વધુ સમય થઇ ગયો છે. જી.એસ.ટી. લાગુ થયો છે ત્યારથી વ્યાપાર જગતની માંગ રહી છે કે જી.એસ.ટી. રીટર્ન રીવાઈઝ કરવાનો વિકલ્પ તેઓને આપવામાં આવે. જી.એસ.ટી. ૨.૦ માં આ બાબતે મોટી આશા બંધાઈ હતી. પરંતુ જી.એસ.ટી. કાઉન્સિલમાં આ બાબતે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. દેશના તથા રાજ્યોના તમામ ટેક્સ કાયદા હેઠળ ભરવાપાત્ર તમામ કાયદાકીય રીટર્ન રીવાઈઝ કરવા અંગે જોગવાઈઓ છે. જી.એસ.ટી. માં પણ આ જોગવાઈ કેમ નથી લાવવામાં આવી તે ખુબ આશ્ચર્યની વાત ગણી શકાય.

### ‘‘કોમન વર્કિંગ ડે’’ બાબતે કરદાતાઓને નાં મળી રાહત

જી.એસ.ટી. કાયદા હેઠળ કોઈ પણ અધિકારીને કોઈ કામ પૂર્ણ કરવા માટે આપવામાં આવેલ સમયમર્યાદા ‘‘કોમન વર્કિંગ ડે’’ પ્રમાણે ગણવામાં આવે છે. આનો સામાન્ય સામાન્ય ભાષામાં અર્થ એ થાય કે સેન્ટ્રલ જી.એસ.ટી. કે સ્ટેટ જી.એસ.ટી. બન્નેમાં જે દિવસ ચાલુ દિવસ હોય એ જ દિવસને કામના દિવસમાં ગણવામાં આવે છે. બન્નેમાંથી એક પણ કચેરીમાં રાજા હોય તો એ દિવસ કોઈ પણ અધિકારી માટે કામ પૂર્ણ કરવાની સમયમર્યાદામાં ગણવામાં આવતો હોતો નથી. આ જ બાબતે કરદાતાઓ માટે ખુબ અન્યાયભરી પરિસ્થિતિ પ્રવર્તમાન છે. તહેવારની રજા હોય કે કોઈ પ્રાકૃતિક હાડમારી હોય, વ્યક્તિગત સારા નરસા પ્રસંગ હોય કે બીમારીની તકલીફ હોય, કરદાતાને પોતાને કરવાના થતા કામમાં કોઈ રાહત સામાન્ય રીતે મળતી હોતી નથી. વિવિધ એસોસીએશન દ્વારા આ બાબતે પણ રજૂઆત કરવામાં આવી હતી કે જયારે કોઈ કામ કરવાની છેલ્લી તારીખના રોજ રવિવાર આવતો હોય ત્યારે આ કામ કરવાની તારીખમાં સ્વયંભૂ રીતે ૧ દિવસનો વધારો થઇ જવો જોઈએ. આ ઉપરાંત કોઈ પ્રાંત, રાજ્યમાં જે તહેવારો ખાસ મહત્વના હોય તેવા પ્રાંત, રાજ્યમાં આ બાબતે પણ કરદાતાઓને આ કામ કરવાની મુદતમાં વ્યાજબી વધારો આપવો જોઈએ. આમ, કરવામાં આવે તો જ ખરેખર ઈઝ ઓફ ડુઈંગ બીઝનેસનો સિદ્ધાંત ફળીભૂત થઇ શકે છે. મુદત બાબતે જી.એસ.ટી. કાયદો ખુબ જડ છે તેવી સામાન્ય માન્યતા આ કાયદો લાગુ થયો છે ત્યારથી કરદાતાઓની અને જી.એસ.ટી. પ્રોફેશનલ્સની રહી છે જે દુર થવાની આશા હતી પરંતુ આ આશા બર આવી નથી.

### અપીલ દાખલ કરવામાં ‘‘ડીલે કોન્ડોન’’ અંગે કોઈ રાહત નહિ

જી.એસ.ટી. કાયદા હેઠળ કોઈ પણ આદેશ સામે કરદાતા અપીલ કરવા માંગતા હોય તો સામાન્ય રીતે તે અપીલ આદેશ મળ્યાના ત્રણ મહિનામાં કરી નાંખવાની હોય છે. કોઈ કારણસર કરદાતા અપીલની આ મર્યાદા ચુકી જાય તો તેઓ વધારાના ૧ મહિનામાં આ અપીલ ‘‘ડીલે કોન્ડોનેશન’’ ની અરજીમાં કારણ રજુ કરી આપી કરી શકે છે. પરંતુ એક વાર આ ચાર મહિનાનો સમય વીતી ગયો પછી કરદાતાની અપીલ કરવાના હક્ક ઉપર પાણી ફરી વાલે છે. જુજ કેસોને બાદ કરીએ તો ૪ મહિના બાદ કરવામાં આવેલ અપીલ સ્વીકારવામાં આવી નથી. કોઈ પણ કારણ જોયા વગર આ પ્રકારે ૪ મહિનાની મુદત બાદ અપીલ કરવાનો હક્ક કરદાતા પાસે છીનવી લેવામાં આવે તે ખુબ ત્રાસદાયક બાબત છે. આ જડ જોગવાઈના કારણે અનેક કરદાતાઓના ધંધા બંધ કરી આપવાની નોબત આવી ગઈ છે. આ બાબતે અનેક કરદાતાઓએ અનેક મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને આ બાબત પર મુશ્કેલી હજુ ચાલુ રહેશે. આ બાબતે કોઈ રાહત જી.એસ.ટી. ૨.૦ માં આપવામાં અવેલ નથી.

### એમનેસ્ટી સ્કીમ અંગે કોઈ ઉલ્લેખ નહિ

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ જેવી અનેક નામી સંસ્થાઓએ જી.એસ.ટી. કાઉન્સિલને રજૂઆત કરી હતી કે જી.એસ.ટી. હેઠળ કલમ ૭૪ હેઠળ આદેશ થયેલ હોય તેવા કેસો માટે એમનેસ્ટી સ્કીમ એટલે કે માફી-રાહત યોજના લાવવામાં આવે. વેપાર જગતનું માનવું છે કે દરેક કરદાતા કે જેના ઉપર કરચોરીનો આરોપ લગાડી જી.એસ.ટી. કાયદાની કલમ ૭૪ હેઠળ આદેશ પસાર કરવામાં આવ્યા છે એ ચોર છે અને ચોરી ઈરાદાપૂર્વક કરી છે તે માનવું ભૂલ ભરેલું છે. ક્યારેક કાયદાની અજ્ઞાનતાના કારણે તો ક્યારેક પરિસ્થિતિના કારણે આ પ્રકારે કરચોરીની કલમ હેઠળ કરદાતા સામે આદેશ પસાર કરવામાં આવેલ હોય છે. આ આદેશ સામે મોટાપ્રમાણમાં કેસો અપીલમાં પેન્ડીગ છે. આ કેસોના ભારણને ઓછુ કરવા અને કરદાતાને પણ તક આપવા જી.એસ.ટી. કાઉન્સિલ દ્વારા એમનેસ્ટી સ્કીમ લાવવામાં આવે તે જરૂરી જણાતું હતું. આ બાબતે પણ જી.એસ.ટી. કાઉન્સિલ દ્વારા કરદાતાઓને કોઈ રાહત આ જી.એસ.ટી. ૨.૦ માં આપવામાં આવેલ નથી.

આ સિવાય પણ અનેક એવા રિફોર્મ્સ જરૂરી હતા કે જેના દ્વારા સરકારી તિજોરી ઉપર કોઈ ખાસ અસર પડતી નથી પરંતુ ઉદ્યોગ-વેપાર જગતને, ટેક્સ પ્રોફેશનલ્સને આ બાબત ઘણી રાહત મળી રહે તેમ હતી. પરંતુ જી.એસ.ટી. કાઉન્સિલની ૫૬ મી બેઠકમાં તો આ રિફોર્મ્સ બાબતે કોઈ ખાસ નિર્ણય લેવામાં આવ્યો નથી. આશા કે સપના તો એવા હજુ છે કે રિફોર્મ્સ માટે માત્ર ૫૬ મી કાઉન્સિલ મીટીંગ જ નહિ હવે આવનાર મીટીંગમાં પણ જી.એસ.ટી. ૨.૦ અંગે સતત સકારાત્મક પગલાઓ ભરવામાં આવશે.

# મદ્રાસ હાઈકોર્ટનો દ્વારા જી.એસ.ટી. અપીલ દાખલ કરવામાં ૧૨૯ દિવસનો વિલંબ કરવામાં આવ્યો માફ

**પોર્ટલ પર જ અપલોડ કરાયેલા આદેશથી વેપારી અજાણ રહ્યો; રૂ. ૫,૦૦૦ દંડ સાથે અપીલ ફરીથી સુનાવણી માટે મોકલાઈ**

### મુખ્ય મુદ્દા

- લક્કી ટ્રેડર્સ સામે ૨૦૨૦-૨૧ સામે આકારણી આદેશ માત્ર GST પોર્ટલ પર અપલોડ થયો હતો.
- વેપારીને ભૌતિક (ફીઝીકલ) નકલ ન મળતાં તેઓ સમયસર અપીલ કરી શક્યા નહીં.
- અપીલ દાખલ કરવા ૧૨૯ દિવસનો વિલંબ થયો, જેને અપીલ અધિકારીએ સ્વીકાર્યો ના હતો.
- મદ્રાસ હાઈકોર્ટે એ વિલંબ ‘‘યુક્તિસંગત’’ ગણાવી માફ કર્યો.
- આ અપીલ સ્શવીકારવાની શરત સ્રવરૂપે કરદાતાને રૂ.૫,૦૦૦ સરકારી નેચરોપેથી મેડિકલ કોલેજને જમા કરાવવાનો આદેશ કરવામાં આવ્યો છે.

### ચુકાદાનો સાર

ચેન્નાઈ સ્થિત લક્કી ટ્રેડર્સ પર ૨૦૨૦-૨૧ માટે કર આકારણી આદેશ બહાર પાડવામાં આવ્યો હતો. શો-કોઝ નોટિસ અને આદેશ GST પોર્ટલ પર અપલોડ થયા હતા, પરંતુ વેપારીને તેની કોઈ ભૌતિક (ફીઝીકલ) નકલ મળી નહોતી. પરિણામે, તેઓને આદેશ વિશે જાણ ત્યારે થઈ જ્યારે ટેક્સ વસૂલાતની નોટિસ આવી.

તે બાદ વેપારીએ અપીલ કરી, પણ તેમાં ૧૨૯ દિવસનો વિલંબ રહ્યો. અપીલ અધિકારીએ આ વિલંબને કારણે અરજી ફગાવી દીધી.

જસ્ટિસ કૃષ્ણન રમાસામીની બેંચ દ્સ્પવારા ષ્ટ કર્યું કે આદેશની માત્ર ઑનલાઇન અપલોડિંગ પૂરતી નથી; કરદાતાને યોગ્ય નોટિસ આપવી જરૂરી છે. તેથી, કરદાતાના વિલંબનું કારણ ‘‘ગંભીર અને વ્યાજબી’’ છે.

કોર્ટએ અપીલ અધિકારીનો આદેશ રદ્દ કરી વિલંબ માફ કર્યો અને કેસ ફરી સુનાવણી માટે મોકલ્યો. જોકે શરતરૂપે કરદાતાને રૂા. ૫,૦૦૦ સરકારી નેચરોપેથી મેડિકલ કોલેજને બે અઠવાડિયામાં જમા કરાવવા આદેશ કરી ટોકન પેનલ્ટી પણ કરી આપી હતી.

### નિષ્ણાતોની પ્રતિભાવ

ટેક્સ નિષ્ણાતોના મતે, આ ચુકાદો એ દર્શાવે છે કે ફક્ત પોર્ટલ પર અપલોડ દ્વારા કરદાતાને ‘‘યોગ્ય નોટિસ’’ મળતી નથી. ભવિષ્યમાં આવા કેસોમાં કરદાતાઓને ન્યાયસંગત તક મળશે.

◆ Year: 9 ◆ Issue No.11 ◆ Continue Issue No.106 ◆ Date: 20/09/2025, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- (With Courier Rs.300/-) ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat, ◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.